
નૂતન વર્ષાભિનંદન વિક્રમ સંવત ૨૦૮૩ના વધામણાંએ કેવું છે વાપી

ઔદ્યોગિક નગરથી મહાનગર સુધીની વાપીની ગરિમામય સફર

વાપી : મંગળવાર ૧૦ નવેમ્બર કારતક સુદ એકમ વિક્રમ સંવત ૨૦૮૩નો આરંભ થઈ ગયો છે. નૂતન વર્ષના વધામણાંના સમયે વાપી કેવું છે ? આવો પ્રશ્ન કરીએ તો વાપી હવે મહાનગર બનીને ઔદ્યોગિક નગરની તેની જૂની ઓળખ બદલવા તરફ આગળ વધી રહ્યું હોય તેવું લાગે છે. જોકે ઉદ્યોગોને કારણે જ વાપીની હરણફાળ પ્રગતિ થઈ છે. એક સમયે ઘાંસિયા મેદાનોને કારણે ઘાંસના વેપાર માટે જાણીતું વાપી આજે દેશદેશાવરમાં પેપર ઉદ્યોગ, ફાર્મા કે કેમિકલ ઉદ્યોગો માટે જાણીતું બન્યું છે. પરંતુ ૨૦૨૫ની જાન્યુઆરીથી વાપી મહાનગર બન્યું છે. વાપીની સાથે આસપાસના ૧૧ ગામોના સમાવેશ બાદ મનપા બનીને વાપી શહેર તરીકે વધુ સુવિધા ધરાવતું શહેર બની રહ્યું છે. સંવત ૨૦૮૩માં વાપીનું નામ વધુ રોશન થાય તેવા ઘણાં કારણો છે.



વાપીનો જે ટાઈપ રેલવે ઓવરબ્રિજ બની જશે

વાપી તેમજ રીંગરોડને જીઆઈડીસી સાથે જોડતો જે ટાઈપનો રેલવે ઓવરબ્રિજ બાંધકામમાં હવે તેના અંતિમ તબક્કામાં છે. નાણાં મંત્રી કનુભાઈ દેસાઈએ આ રેલવે ઓવરબ્રિજ પર ગર્ડર લોન્ચિંગની કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. ૬૦ કરોડના ખર્ચે તૈયાર થનારા આ રેલવે ઓવરબ્રિજનું બાંધકામ પૂરું થતા સંવત ૨૦૮૩ના નૂતન વર્ષમાં આ બ્રિજનો આરંભ થશે. લગભગ ડીસેમ્બર-જાન્યુઆરીમાં આ બ્રિજ શરૂ થતાં પૂર્વથી પશ્ચિમમાં જવા માટે ઉપયોગી સાબિત થશે.

વાપી રેલવે સ્ટેશન ઉપર એસ્કેલેટર સાથે ફૂટબ્રિજ

વાપી રેલવે સ્ટેશન ઉપર વધુ એક ફૂટબ્રિજ જે વાપી રેલવે સ્ટેશન પર પ્લેટફોર્મ ૧થી ૨ અને ૩ તરફ જવા માટે તો ઉપયોગી થશે જ સાથે વાપી પૂર્વથી પશ્ચિમ સુધી જવા પણ ઉપયોગી થશે. આ બ્રિજ વાપી પૂર્વમાં પાર્કીંગની બાજુમાંથી સ્ટેશન પર જવા તેમજ પશ્ચિમ સુધી જઈ શકાય તેવો બની રહ્યો છે. જાણકારી એવી છે કે અહીં આધુનિક એસ્કેલેટર મૂકાશે જેથી મુસાફરોને સુવિધા રહેશે. આ ફૂટઓવરબ્રિજ વાપી રેલવે સ્ટેશનની કાયાપલટ કરી નાંખશે.

ચલામાં બાળકોની રમતના ઝઘડાએ લીધું ઉગ્ર સ્વરૂપ

પુત્રને હેરાન કરતી હોવાની શંકા રાખીને ઘરમાં ઘૂસીને મારમારી ધમકી આપ્યાનો મામલો

વાપી : ચલા કસ્ટમ રોડ પર આવેલા યુનિટી પાર્ક (સી-વિંગ)માં રહેતા ૪૦ વર્ષીય સબીના સકીલ શેખે નોંધાવેલી ફરિયાદ અનુસાર, ગત ૨૬ ઓક્ટોબરના રોજ બપોરે આ બનાવ બન્યો હતો.

ઉપરના માળે રહેતા રસીદા ખુઝેમા બીયાવલવાલા અને ખતીજા બીયાવલવાલા સબીનાબેનના ઘરે આવ્યા હતા અને તેમની ૧૪ વર્ષીય જોડિયા દીકરીઓ તેમના પુત્રને લિફ્ટ પાસે ડરાવીને હેરાન કરતી હોવાનો આક્ષેપ કર્યો હતો. આ બાબતે ઉશ્કેરાઈને બંને મહિલાઓએ સબીનાબેનની દીકરીને ગાલ પર તમાચા માર્યા હતા. આ દરમિયાન વચ્ચે પડેલા સબીનાબેનના વાળ પકડીને ઘરમાં ઘૂસીને તેમને પણ માર મારવામાં આવ્યો હતો. એટલું જ નહીં, રસીદાના પતિ ખુઝેમા બીયાવલવાલાએ પણ ગેલેરીમાં આવીને જોરજોરથી બૂમો પાડી હતી અને જો ફરીથી તેમના પુત્રને હેરાન કરવામાં આવશે તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આસપાસના લોકો ભેગા થઈ જતાં આરોપીઓ ત્યાંથી નાસી છૂટ્યા હતા.

વલસાડની બાલાજી વેફર્સની ફેક્ટરીમાં કામદારોની હડતાળ

પગાર વધારા અને બોનસની માંગ સાથે પ્રોડક્શન ઠપ

વલસાડ : વલસાડ નજીક ડુંગરી ખાતે આવેલી પ્રખ્યાત બાલાજી વેફર્સની ફેક્ટરીમાં આજે અંદાજે 200 જેટલા કોન્ટ્રાક્ટ બેઝ પર કામ કરતા કામદારો પોતાની વિવિધ પડતર માંગણીઓને લઈને હડતાલ પર ઉતરી ગયા હતા. સેકન્ડ શિફ્ટથી જ કામદારો કામથી અળગા રહેતા ફેક્ટરીમાં વેફર તેમજ અન્ય ખાદ્ય પદાર્થોનું ઉત્પાદન કાર્ય સંપૂર્ણપણે અટકી ગયું હતું.

કામદારોની મુખ્ય માંગણીઓ પગાર વધારો અને બોનસને લઈને છે. હડતાલ પર ઉતરેલા કામદારોમાં મોટો રોષ જોવા મળી રહ્યો છે કારણ કે, કંપનીમાં વર્ષોથી ફરજ બજાવતા જૂના કર્મચારીઓ અને તાજેતરમાં ભરતી થયેલા નવા કર્મચારીઓને એકસમાન પગાર ચૂકવવામાં આવી રહ્યો છે. વળી, લાંબા સમયથી પગારમાં કોઈ પણ પ્રકારનો વધારો કરવામાં આવ્યો નથી.

આ આર્થિક અસમાનતા અને અન્ય માંગણીઓ વહેલી તકે સંતોષવામાં આવે તે માટે કામદારોએ વિરોધ નોંધાવ્યો છે, જેના કારણે કંપનીની ઉત્પાદન પ્રક્રિયા પર સીધી અસર પડી છે.

શું તમે આંતલિયાના નવા શોરૂમમાં પધાર્યા નથી ?
બીલીમોરા સ્ટેશનથી ફક્ત 5-7 મિનિટ | ચીખલી ચોકડીથી ફક્ત 8-10 મિનિટ
નવસારીથી - વલસાડથી - વાંસદાથી ફક્ત 30 મિનિટ
મજુરી 5.9%*
R.A. Parikh Jewellers NX
નવસારી કે સુરતમાં અમારી કોઈ બાંય નથી.
આજે રવિવારે શોરૂમ ચાલુ રહેશે.
ચીખલી – બીલીમોરા રોડ, આંતલીયા, બીલીમોરા. (પૂર્વ) Mo. 98255 58181

Wish you Happy Diwali & New year
Hotel Sejal Inn Pvt Ltd.
Saputara, Dist. Dang, Gujarat-394720.INDIA.
M.: 09727749608 / 7043109007
Phone. : 02631-237217 / 237317 / Fax No: 02631-237417
Email: hotelsejalinn@gmail.com
info@hotelsejalinn.co.in, gmhotelsejalinn@gmail.com
Web:www.hotelsejalinn.co.in

Wish you Happy Diwali & New year
Il Jay Gurudev Il
Hill View Home
9909240404
(02631) 237337
Opp. Rose Garden,
B/H. Gokul Hotel, Saputara

Wish you Prosperous New Year
At Hatgad 6 miniutes drive from Saputara, on the boarder of Maharashtra, our associate SAI PRASAD MOTELS RESTAURANT & BAR & HOTEL KESAR offer you veg. & Non Veg. Cuisines, you can enjoy cool atmosphere the impeccable service, which is comined with a wide choice of dishes from our menu specially prepared by our executive Chef, keeping your taste in mide.
Green Village Resorts Ltd.
Malvani Church, Opp. Akashwani Kendra, Marve Road, Malad (W), Mumbai - 400 095
Tel.: 2889 5499, 2889 7382
Chitrakoot Hill Resort Saputara
SAPUTARA DIST: DANG (GUJARAT) TEL: (02631 237221 / 237237 / 237599

Wish you Happy Diwali & New year
SAVSHANTI LAKE RESORT
SAPUTARA
PLEASE MAIL/CALL FOR CONFIRMATION
Email:savshantilakeresort@savshantihotels.com
www.savshantihotels.com
Mo.+91 78747 75250
SAVSHANTI LAKE RESORT, NAGESHWARE MAHADEV ROAD-SAPUTARA

Happy New Year
HOTEL ANANDO
Hotel Anando | Saputara
Find Your Dream Home
BOOK NOW
PROPERTY FEATURES
Bedrooms, Delux Room, Semi Delux Room, lakeview Balcony, Parking Area, Restaurant
7359382599
Frontoffice.anando@gmail.com

SCHOOL
એક શુભેચ્છક
સાપુતારા-ડાંગ

નવુ વર્ષ આપ સૌ નગરજનોના જીવનમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ લઈને આવે એવી શુભેચ્છા
ગીરાધોધ પરિસરીય પ્રવાસન સમિતિ
» ડાંગ જિલ્લાનાં વઘઇ નજીક અંબિકા નદી પર આવેલ (નાઈગ્રાફોલ) એટલે ગીરાધોધ તેના જાજરમાન સુંદરતાનાં પગલે પ્રખ્યાત છે.
» વઘઇ નજીક આવેલ ગીરાધોધને માણવા માટે ચોમાસાની ઋતુમાં અસંખ્ય પ્રવાસીઓનો જનસેલાબ ઉમટી પડે છે.
» વઘઇનાં ગીરાધોધની મુલાકાત માટે આવતા પ્રવાસીઓ માટે ગીરાધોધ પરિસરીય પ્રવાસન સમિતિએ પાર્કિંગની ઉત્તમ વ્યવસ્થા પુરી પાડી છે.
» દક્ષિણ ડાંગ વન વિભાગનાં વઘઇ રેંજમાં સમાવિષ્ટ વઘઇનાં ગીરાધોધ ખાતે પ્રવાસન વિભાગ દ્વારા સ્થાનિકો માટે દુકાનોનું નિર્માણ કરી રોજગારી આપી છે.-વઘઇનાં ગીરાધોધ પરિસરીય પ્રવાસન સમિતિનાં હોદેદારો સહિત કામદારો સ્થાનિક હોય જેથી યુવાનો સહીત વડિલોને ઘર આંગણે રોજગારી મળી રહે છે.ગીરાધોધની ચોમાસાની ઋતુ અને શિયાળાની ઋતુમાં એક વાર તો અચૂક મુલાકાત લેવી જોઈએ.
પ્રમુખશ્રી, વિજયભાઈ ગાવીત
મંત્રીશ્રી, રાજુભાઈ ગાયકવાડ

નવુ વર્ષ આપ સૌ નગરજનોના જીવનમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ લઈને આવે એવી શુભેચ્છા
ડાંગ જિલ્લા પેરાગ્લાઈડિંગ સાપુતારા એસોસિએશન
"નિલગગન આભલાની શેર કરાવતી અદ્ભભૂત એડવેન્ચર એકટીવીટી એટલે "પેરાગ્લાઈડિંગ"
'રાજ્યનાં છેવાડે આવેલ ડાંગ જિલ્લાનાં ગિરિમથક સાપુતારા ખાતે કુદરતી સૌંદર્યના જાજરમાન દશ્યો વચ્ચે નિલગગન આભમાં હવાઈ સફર કરાવતી પેરાગ્લાયડીંગ એકટીવીટી પ્રવાસીઓને આકર્ષિત કરી રહી છે.

Wish you Happy Diwali & New year
VAITY ROPEWAY RESORT
VAITY ROPEWAY RESORT
Saputara Dist. Dang, Gujarat - 394 720.
Tel : 02631-237210 To 237214 Fax : 237214
Mobile : 94297 86363 / 94297 86364/96388 36555
Regd. Head Office & Booking Office
CHIMNEY HOTEL & ROPEWAY PVT. LTD.
7. Filka, Daftary Road, Near Railway Station
Malad (East). Mumbat - 400 097.
Tel : (022) 2883 4001, 2883 4993 2883 4443
Fax 022 - 2883 4443
Email: vaityropewayresort a gmail.com
Website : wwuugitur peuport com
Welcome to SAPUTARA
Enjoy the pleasures of Paradise at
VAITY ROPEWAY RESORT
Saputara Hill Station Gujarat